# આજે વિશ્વ બાળ મજૂરી વિરોધી દિવસની ઉજવણી છતાં શહેરમાં બાળ મજૂરી યથાવત

## ચાની કીટલી, પકોડીની લારીઓ, હોટલો, રેસ્ટોરન્ટ, ખાણી-પીણી, દુકાનો, ફેક્ટરીઓમાં હજી બાળ મજૂરી યથાવત

ગાંધીનગર, તા. ૧૧

વિશ્વ બાળ મજૂરી વિરોધ દિવસને વર્ષ-૨૦૦૨ થી દર વર્ષે ૧૨ જૂને ઉજવવામાં આવે છે. બાળ મજૂરી એ વર્તમાન સમાજનું કલંક છે. બાળ મજૂરીથી બાળકોનું બાળપણ છીનવાઈ જાય છે. ત્યારે ગાંધીનગરમાં બાળ મજૂરી કરતા ઘણા બધા બાળકો જોવા મળી રહ્યા છે. ચા ની કીટલી, પકોડીની લારીઓ, હોટલો, રેસ્ટોરન્ટ, ખાણી-પીણી બજારોમાં બાળ મજૂરીના દ્રશ્યો જોવા મળી રહ્યા છે. ભણવાના દિવસોમાં બાળકો મજૂરી કરતા જોવા મળે છે.

કોઈપણ બાળકને પુખ્ત થતાં પહેલા બાળ મજૂરીમાં ધકેલી દેવાથી તેનો અભ્યાસ, વિકાસ, રમત-ગમત તેમજ મનોરંજનનો અધિકાર છીનવાઈ જાય છે. કેટલાક કિસ્સાઓમાં આવા બાળકો ગુનાખોરી કે વ્યસનની લતે પણ ચડી જાય છે. ખેતીકામ, ગૃહ ઉદ્યોગ, ઢોર ચરાવવા જેવા કામો પણ અનેક બાળકોએ કુમળી વયમાં કરવા પડે છે.

આ તમામથી અતિ ગંભીર એવા ભીખ માગવામાં અને કેટલાક કિસ્સાઓમાં ડ્રગ-ટ્રાફિકિંગ માટે પણ બાળકોનો ઉપયોગ થાય છે. બાળ મજૂરી વિરોધ દિવસ એ ફક્ત ઔપચારિકતા ના રહેતા સાર્થક કાર્ય બને તે જોવાનું કામ જવાબદાર તંત્રનું અને જાગૃત નાગરિકનુ નૈતિક કર્તવ્ય છે.




### બાળમજૂરી વિરોધી કેટલીક કલમો

કલમ-૨૪ મુજબ ૧૪ વર્ષથી ઓછી ઉંમર ધરાવતા કોઈપણ બાળકને કોઈપણ કારખાનામાં અથવા ખાણમાં કે અન્ય કોઈપણ જોખમકારક કામમાં રોજગાર અર્થે રોકવા જોઈએ નહિ. કલમ ૩૯ ઈ મુજબ બાળકની ઉંમરનું ઉલ્લંઘન કરે નહિ અને તેઓ આર્થિક જરૂરિયાતના કારણે તેની ઉંમરને અનુરૂપ ના હોય તેવા રોજગારમાં પ્રવેશવા માટે દબાણ ન કરવામાં આવે. કલમ ૩૯ એફ મુજબ બાળકો તંદુરસ્ત રીતે આઝાદીથી અને સ્વમાનથી વિકાસ કરી શકે તે માટેની તકો અને સુવિધાઓ પૂરી પાડવી જોઈએ. બાળપણ અને યૌવનને નૈતિક અને ભૌતિક સ્વચ્છંદતાથી રક્ષણ આપવું જોઈએ. કલમ ૪૫ મુજબ બંધારણના અસ્તિત્વમાં આવ્યા બાદ ૧૪ વર્ષ સુધીના બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ મળી રહે તેવા પ્રયત્ન શાસકે કરવા જોઈએ.



### શહેરમાં બાળ મજૂરી યથાવત

શિક્ષણની આ નગરીમાં જાગૃત નાગરિકોની વચ્ચે જાહેરમાં બાળ મજૂરીના દશ્યો જોવા મળી રહ્યા છે. ચા ની લારી હોય કે ખાણી-પીણીની લારીઓ હોય નાગરિકોની સામે જ બાળ મજૂરી કરતા બાળકો જોવા મળી રહ્યા છે. તેમ છતાં આ જાગૃત નાગરિકો આંખ આડા કાન રાખીને મસ્ત મજાની ખાણી-પીણીની મોજ માણતા નજરે પડે છે. ભણેલા-ગણેલા સમાજમાં એ પણ ગાંધીનગરમાં જ્યાં શિક્ષણની સંસ્થાઓ કાર્યરત છે. ત્યારે અહીંયા બાળ મજૂરી કરતા બાળકો હજી યથાવત જોવા મળી રહ્યા છે જે વિશ્વ બાળમજૂરી વિરોધ દિવસની અત્યાર સુધીની ઉજવણીઓ કરાઈ અને જે જાગૃતતા જોવા મળી રહી છે તે અહીંયા છતી થાય છે. જાગૃત સમાજની ખરી વાસ્તવિકતા નજરે પડી રહી છે.

# પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ કરનારા ૭૫ વ્યક્તિને રૂ.૪૨,૫૦૦નો દંડ કરાયો

## નાયબ મ્યુનિ. કમિશનરશ્રીની અધ્યક્ષતામાં લોકજાગૃતીના કાર્યક્રમોનું આયોજન

ગાંધીનગર, તા.૧૧

પર્યાવરણ વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલય દ્વારા પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ સુધારા નિયમો- ૨૦૨૧ પ્રસિદ્ધ કરેલ છે. જે અંતર્ગત સિંગલ યુઝ પ્લાસ્ટિક કોમોડિટીનું ઉત્પાદન,આયાત, સ્ટોકિંગ, વિતરણ, વેચાણ અને ઉપયોગ પ્રતિબંધિત છે. વિશ્વ પર્યાવરણ દિવસથી ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સરકારશ્રીના આ નિયમનાં અમલીકરણ હેતુ શહેરના વિવિધ કોમર્શિયલ તેમજ માર્કેટ વિસ્તારમાં જૈહપ્નક્ષ્ની જીઁ ક્ષ્નક્રજૈષ્ઠનો ઉપયોગ ન કરવા માટે વિવિધ જનજાગૃતિ કાર્યક્રમો કરવામાં આવી રહ્યા છે, જેમાં સ્થાનિક કાઉન્સિલરશ્રીઓનો સહકાર પણ સાંપડેલ છે. વધુમાં, ગાંધીનગર મહાનગરપાલિકાનાં નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી દ્વારા શહેરના સેક્ટર ૨૧ તથા સેક્ટર ૧૬ના કોમર્શિયલ વિસ્તારના વેપારી એસોસિએશન સાથે મીટીંગ કરી જૈહપ્નક્ષ્ની જી ક્ષ્નક્રજૈષ્ઠ નો ઉપયોગ ન કરવા સહયોગ આપવા અપીલ કરવામાં આવી છે.

મહાનગરપાલિકા દ્વારા સિંગલ યુઝ પ્લાસ્ટિકના વપરાશકર્તાઓ સામે દંડની કાર્યવાહી પણ કરવામાં આવી રહી છે, જેમાં છેલ્લા પાંચ દિવસમાં ૭૫ ઈસમો પાસેથી રૂપિયા ૪૨૫૦૦ વહીવટી ચાર્જ વસૂલવામાં આવેલ છે.આગામી દિવસોમાં પણ મહાનગરપાલિકા દ્વારા વિવિધ સંગઠનોને સાથે રાખી આ બાબતે જનજાગૃતિ કાર્યક્રમ કરવામાં આવશે. જેથી ગાંધીનગરને સિંગલ યુઝ પ્લાસ્ટિક મુક્ત શહેર બનાવી શકાય.

# આજે ગાંધીનગરમાં ગૃહમંત્રી અમિત શાહના હસ્તે બે અબજ રૂપિયાના વિકાસ કાર્યોનું લોકાર્પણ

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરના નગરજનોની સુખાકારી તેમજ સગવડતા વધે તે માટે ગાંધીનગર મહાનગરપાલિકા સતત કાર્યશીલ છે. માન. કેન્દ્રીય ગૃહ તથા સહકારિતા મંત્રી તેમજ ગાંધીનગરના લોકલાડિલા સાંસદશ્રી અમિતભાઈ શાહના માર્ગદર્શન તથા નેતૃત્વ હેઠળ મહાનગરપાલિકા દ્વારા કરોડો રૂપિયાના વિકાસના કાર્યો થઈ રહ્યા છે. જે અંતર્ગત આવતીકાલે તારીખ ૧૨ જૂનના રોજ બપોરે ૩ વાગ્યે ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે વિકાસના વિવિધ કાર્યોનું ખાતમૂહુર્ત તથા લોકાર્પણ માન. અમિતભાઈ શાહના હસ્તે થશે.

આ કાર્યક્રમમાં ગાંધીનગ મહાનગરપાલિકા દ્વારા નિર્મિત ૩ નવા બગીચાઓનું લોકાર્પણ કરવામાં આવશે. આ ઉપરાંત અંદાજે ૧૯૩ કરોડ રૂપિયાના વિકાસના કાર્યોનું ખાતમૂહુર્ત પણ કરવામાં આવશે. આ કાર્યક્રમમાં ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળના નવા ભવન તેમજ વિવિધ પ્રકલ્પોનું લોકાર્પણ કરવામાં આવશે તેમજ ેંઙ્ઘછ દ્વારા નિર્મિત ૧૩૪ આવાસોનો ડ્રો પણ કરવામાં આવશે.

# રાજ્યમાં કોરોનાના નવા ૧૫૪ કેસ : ૫૮ દર્દી રિકવર

## એક પણ મોત નહી : અત્યાર સુધીમાં કુલ ૧૨,૧૪,૪૬૩ દર્દીઓ કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે : રિકવરી રેટ ઘટીને ૯૯.૦૫ ટકા

ગાંધીનગર, તા.૧૧

રાજ્યમાં કોરોનાના આજે નવા ૧૫૪ કેસ નોંધાયા છે. તો બીજી તરફ ૫૮ દર્દીઓ સાજા થયા છે. અત્યાર સુધીમાં કુલ ૧૨,૧૪,૪૬૩ દર્દીઓ કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. બીજી તરફ કોરોનાનો રિકવરી રેટ પણ ઘટીને ૯૯.૦૫ ટકાએ પહોંચી ચુક્યો છે. બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં આજે કુલ ૪૩,૧૩૩ રસીના ડોઝ અપાયા હતા.

બીજી તરફ એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં કુલ ૭૦૪ એક્ટિવ કેસ છે. જે પૈકી કોઇ પણ નાગરિક વેન્ટિલેટર પર નથી. તમામ ૭૦૪ નાગરિકો સ્ટેબલ છે. અત્યાર સુધીમાં કોરોનાને કુલ ૧૨,૧૪,૪૬૩ નાગરિકો કોરોનાને હરાવી ચુક્યાં છે. તો બીજી તરફ ૧૦,૯૪૫ નાગરિકોનાં કોરોનાને કારણે મોત થઇ ચુક્યાં છે. જો કે આંશિક રાહતના સમાચાર કહી શકાય કે આજે કોરોનાને કારણે એક પણ વ્યક્તિનું મોત નથી નિપજ્યું. નવા નોંધાયેલા કેસની વાત કરીએ તો અમદાવાદ કોર્પોરેશનમાં ૮૦, વડોદરા કોર્પોરેશન ૨૨, સુરત કોર્પોરેશન ૧૨, વડોદરા ૧૧, ગાંધીનગર કોર્પોરેશન ૫, રાજકોટ કોર્પોરેશન ૪, મહેસાણા, સુરત, વલસાડમાં ૩-૩, અમદાવાદ ૨, આણંદ, ભરૂચ, ભાવનગર અને કચ્છમાં ૨-૨ કેસ તથા ખેડામાં ૧ કેસ નોંધાયો હતો.

બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં ૧૮ વર્ષથી વધારેની ઉંમરના ૬૩૫ નાગરિકોને રસીનો પ્રથમ અને ૧૬૧૮૦ ને રસીનો બીજો ડોઝ અપાયો હતો. ૧૫-૧૭ વર્ષના નાગરિકો પૈકી ૮૮ ને રસીનો પ્રથમ અને ૮૮૬ ને રસીનો બીજો ડોઝ અપાયો હતો. ૨૨૪૯૩ ને પ્રીકોર્શન ડોઝ અપાયો હતો. ૧૨-૧૪ વર્ષના નાગરિકો પૈકી ૫૪૨ ને રસીનો પ્રથમ અને ૨૩૦૯ ને રસીનો બીજો ડોઝ અપાયો હતો. આ પ્રકારે આજના દિવસમાં કુલ ૪૩,૧૩૩ કુલ રસીના ડોઝ અને અત્યાર સુધીમાં કુલ ૧૧,૦૫,૧૧,૫૫૧ કુલ રસીના ડોઝ અપાઈ ચુક્યાં છે.

# વૈષ્ણોદેવી વિસ્તારમાં વરસાદી ઝાપટું પડ્યું

## નવા વાડજ, ઘાટલોડિયા, ચાંદખેડા અને ગોતા તેમજ એસજી હાઈવેના વિસ્તારોમાં વરસાદ પડ્યો હતો

અમદાવાદ, તા.૧૧

શનિવારે અમદાવાદના વાતાવરણમાં પલટો જોવા મળ્યો અને કેટલાંક વિસ્તારોમાં વરસાદી ઝાપટું પડ્યું છે. આજે અમદાવાદના વૈષ્ણોદેવી વિસ્તારમાં વરસાદી ઝાપટું પડ્યું અને તે સિવાય શહેરના નવા વાડજ, ઘાટલોડિયા, ચાંદખેડા અને ગોતા તેમજ એસજી હાઈવેના વિસ્તારોમાં વરસાદ પડ્યો હતો. અમદાવાદમાં મેઘરાજાની એન્ટ્રી થતાં લોકોને ગરમીમાંથી રાહત મળી છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ, અમદાવાદ અને ગાંધીનગરમાં વરસાદી માહોલ સર્જાય તેવી શક્યતા છે. રાજ્યના અન્ય ભાગોમાં વાદળછાયું વાતાવરણ છવાઈ જતાં તાપમાનમાં ૨ ડિગ્રી જેટલો ઘટાડો થશે.

મળતી માહિતી મુજબ, રાજ્યમાં સૌરાષ્ટ્રના વિસાવદર, ગીરગઢડા અને વેરાવળ પંથકમાં આજે વરસાદ પડ્યો હતો. વિસાવદર અને ગીરગઢડા પંથકમાં બપોરના સમયે અડધો ઈંચ વરસાદ પડ્યો હતો. ત્યારબાદ બપોર પછી ફરી દોઢ ઈંચ વરસાદ વરસતા ગીરગઢડા પંથકમાં આજે ૨ ઈંચ વરસાદ વરસ્યો હતો. જેને લઈ વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી.

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

75 આઝાદી નો અમૃત મહોત્સવ

દેશનો છે નિર્ધાર
નવા ભારતની યોજનાઓ થકી
૧૦૦% યુવાઓને બનાવવા છે સશક્ત

- રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, ૨૦૨૦
  - વધુ કાર્યક્ષમ શિક્ષણ પ્રણાલી સાથે નોંધનીય પરિવર્તન
  - વિદ્યાર્થીઓની વિશિષ્ટ ક્ષમતાઓને ઓળખવી અને પ્રોત્સાહન આપવું
  - શિક્ષકોને નવી ટેકનોલોજી અને શિક્ષણ પદ્ધતિમાં નિષ્ણાંત બનાવવા પર વિશેષ ભાર
- છેલ્લા આઠ વર્ષમાં ૩૨૦ નવી યુનિવર્સિટીઓ, ૭ નવી IIT અને ૭ નવી IIM
- દેશની ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ માટે સંકલિત પ્રવેશ પરીક્ષાઓ લેવા માટે નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA)ની રચના
- ૧.૩૬ કરોડ યુવાનોને પીએમ કૌશલ વિકાસ યોજના હેઠળ મફ્ત તાલીમ અને રોજગારની તકો મળી
- છેલ્લા આઠ વર્ષમાં ઔદ્યોગિક તાલીમ કેન્દ્રો (ITIs)ની સંખ્યા લગભગ ૪૬% વધીને ૧૪,૭૪૦ થઈ
- દેશમાં લગભગ ૭૦ હજાર માન્યતા પ્રાપ્ત સ્ટાર્ટ-અપ : યુવાનો કરી રહ્યા છે રોજગારીનું નવસર્જન, યુનિકોર્નની સંખ્યા વધીને ૧૦૦ થઈ
- ૯.૫ હજારથી વધુ અટલ ટિંકરિંગ લેબ્સથી યુવાનોના ઈનોવેશનને મળી નવી પાંખો
- ભારતીય ખેલાડીઓનું ટોક્યો ઓલિમ્પિક્સ અને પેરાલિમ્પિક્સ ૨૦૨૦ માં ઐતિહાસિક શ્રેષ્ઠ પ્રદર્શન
- ખેલો ઈન્ડિયા સેન્ટર, ટોપ સ્કીમ, પ્રતિભાશાળી ખેલાડીઓ માટે શિષ્યવૃત્તિ યોજના, દેશની પ્રથમ સ્પોર્ટ્સ યુનિવર્સિટીની સ્થાપના જેવા સશક્ત પગલાંઓથી દેશમાં રમતગમત સંસ્કૃતિને મળ્યું પ્રોત્સાહન







" સરકારનો પ્રયાસ યુવાનોને યોગ્ય વાતાવરણ અને સંસાધનો પુરા પાડવાની સાથે સાથે તેમની ક્ષમતા વધારી સુદ્રઢ વ્યવસ્થા બનાવવાનો છે. ભારત માટે આ સપનાઓ અને નવા સંકલ્પોનો તબક્કો છે. આવી સ્થિતિમાં, ભારતના યુવાનોની શક્તિ ભારતને નવી ઊંચાઈઓ પર લઈ જશે. "

— નરેન્દ્ર મોદી —

8 Years
Seva, Sushasan
Garib Kalyan